# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 16/09/2025** **Morning : 7.10 to 7.20**
**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **નિકિતા શાહ** વાંચે છે.

---

1. **'મેદસ્વિતા મુક્તિ અભિયાન દ્વારા ગુજરાતના 10 લાખ નાગરિકોનું 10-10 કિલો વજન ઘટાડવાનો ગુજરાત રાજ્ય યોગ બોર્ડનો સંકલ્પ.**
2. **રાજ્ય પરિક્ષા બોર્ડ દ્વારા 12 ઓક્ટોબરના રોજ સ્પેશિયલ ટેટ વન અને ટૂની પરિક્ષા યોજાશે.**
3. **આવકવેરા રિટર્ન ફાઇલ કરવાની છેલ્લી તારીખ આજના દિવસ માટે લંબાવાઈ છે, હવે કરદાતા આજે રાત્રે બાર વાગ્યા સુધી રિટર્ન ફાઇલ કરી શકશે.**
4. **રાજ્યમાં 21 સપ્ટેમ્બર સુધી હળવાથી મધ્યમ વરસાદની આગાહી.**
5. **ગુજકોસ્ટ દ્વારા વિશ્વ ઓઝોન દિવસની ઉજવણી નિમિત્તે આજે રાજ્યભરમાં વિશેષ જાગૃતિ કાર્યક્રમનું આયોજન.**

---------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# MEDASWITA MUKTI ABHIYAN

'મેદસ્વિતા મુક્તિ અભિયાન'ના માધ્યમથી ગુજરાતના 10 લાખ નાગરિકોનું 10-10 કિલો વજન ઘટાડવાનો ગુજરાત રાજ્ય યોગ બોર્ડનો સંકલ્પ હોવાનું ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેન શીશપાલ રાજપૂતે જણાવ્યું હતું.

ત્રણ તબક્કામાં યોજાનારા  આ અભિયાન અંતર્ગત ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બનશે, જ્યાં 10 લાખ નાગરિકોનું સંયુક્ત રીતે 1 કરોડ કિલો જેટલું વજન ઓછું થશે.

## બાઇટ- શીશપાલ રાજપૂત, યોગ બોર્ડના ચેરમેન

---

# CM SARDAR SNAMAN YATRA

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની 150મી જન્મ જયંતિ અંતર્ગત બારડોલીથી સોમનાથ સુધીની યોજાઈ રહેલી સરદાર સન્માન યાત્રા ગાધીનગર આવી પહોંચતા યાત્રાનું સ્વાગત તથા સરદાર સાહેબની ભાવ વંદના કરી હતી.

આ પ્રસંગે મંત્રી રાઘવજી પટેલ, સાંસદો અને ધારાસભ્યો તેમજ ગાંધીનગરના મેયર સહિત મોટી સંખ્યામાં  નાગરિકો, સહકારી અને સામાજિક, સ્વૈચ્છિક સંસ્થાના અગ્રણીઓ, શાળા-કોલેજના વિદ્યાર્થીઓ જોડાયા હતા.

---

# SPECIAL TET EXAM

સ્પેશિયલ ટેટ વન તથા ટેટ ટૂની પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કરી દેવાયો છે. રાજ્ય પરિક્ષા બોર્ડ દ્વારા 12 ઓક્ટોબરના રોજ સ્પેશિયલ ટેટ વન અને ટૂની પરિક્ષા યોજાશે. સ્પેશિયલ ટેટ વનની સવારે 11થી 1 જ્યારે સ્પેશિયલ ટેટ ટૂની બપોરે 3 થી 5 દરમિયાન પરીક્ષા યોજાશે . અમદાવાદ, વડોદરા, રાજકોટ તથા સુરતના કેન્દ્રો ઉપર પરીક્ષા યોજાશે.

---

# SWASTH NARI SHAKTI ABHIYAN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના 75 મા જન્મ દિવસે " સ્વસ્થ નારી, સશક્ત પરિવાર" અભિયાનના રાષ્ટ્રવ્યાપી પ્રારંભ થશે. જે અંતર્ગત રાજ્યમાં 17 સપ્ટેમ્બરથી 2 ઓકટોબર સુધી "સ્વસ્થ નારી, સશક્ત પરિવાર" અભિયાન ઉજવાશે.

આ અભિયાન અંતર્ગત રાજ્યમાં અંદાજે એક લાખ 41 હજાર કરતાં વધુ હેલ્થ કેમ્પ યોજાશે. રાજ્યપાલ અને મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતેથી આ અભિયાનનો રાજ્યવ્યાપી પ્રારંભ થશે તેમ આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું હતું

## બાઇટ- ઋષિકેશ પટેલ, આરોગ્ય મંત્રી

---

# CBDT ITR EXTENSION

કેન્દ્રિય પ્રત્યક્ષ કર બોર્ડે , આકારણી વર્ષ 2025-26 માટે આવકવેરા રિટર્ન ફાઇલ કરવાની છેલ્લી તારીખ એક દિવસ લંબાવવાનો નિર્ણય લીધો છે. હવે રિટર્ન આજે રાત્રે 12 વાગ્યા સુધી ફાઇલ કરી શકાશે.

આવકવેરા વિભાગે મોડી રાત્રે સોશિયલ મીડિયા પોસ્ટમાં આ માહિતી આપી હતી. આવકવેરા રિટર્ન ફાઇલ કરવાની છેલ્લી તારીખ મૂળ 31 જુલાઈ હતી , જે લંબાવીને 15 સપ્ટેમ્બર કરવામાં આવી હતી.

અગાઉ આવકવેરા વિભાગે કહ્યું કે , આકારણી વર્ષ 2025-26 માટે સાત કરોડથી વધુ રિટર્ન ફાઇલ કરવામાં આવ્યા છે.

---

# RAIN

રાજ્યમાં વરસાદની ગતિ ધીમી પડી છે. ગઇકાલે સવારે છ વાગ્યાથી આજના મળસ્કે ચાર વાગ્યા સુધીમાં 19 તાલુકાઓમાં વરસાદ વરસ્યો છે. જેમાં સૌથી દક્ષિણ ગુજરાતના ડાંગના સુબીરમાં પોણા બે ઇંચ જ્યારે નવસારીના ચિખલીમાં દોઢ ઇંચ જેટલો વરસાદ વરસ્યો હતો.

---

# WEATHER

હવામાન વિભાગ દ્વારા 21 સપ્ટેમ્બર સુધી રાજ્યમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. તેમાં ગુજરાત પ્રદેશ અને સૌરાષ્ટ્રમાં હળવાથી મધ્યમ વરસાદની સંભાવના રહેશે.

રાજ્યમાં આગામી 19 સપ્ટેમ્બર સુધી માટે ગાજવીજ સાથે વરસાદની ચેતવણી આપવામાં આવી છે. સૌરાષ્ટ્રમાં પણ 15 સપ્ટેમ્બર અને પછીના દિવસે 18 અને 19 સપ્ટેમ્બર માટે ગાજવીજ સાથે વરસાદની ચેતવણી આપવામાં આવી છે. પવનની ગતિ 30 થી 40 કિલોમીટર પ્રતિ કલાક રહેવાની સંભાવના હોવાનું હવામાન વિભાગના વડા એ કે દાસે જણાવ્યું હતું.

## બાઇટ- એ કે દાસ, વડા, હવામાન વિભાગ

---

## GST REFORMS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સ્વતંત્રતા દિવસ પર લાલ કિલ્લાની પ્રાચીર પરથી GSTમાં વધુ સુધારાઓની જાહેરાત કરી હતી. આ મહિનાની 3 તારીખે, GST કાઉન્સિલે સામાન્ય લોકોના જીવનને સરળ બનાવવા માટે ઘણા ક્ષેત્રોમાં કર ઘટાડ્યા હતા. આજે, કૃષિ ક્ષેત્રમાં GST સુધારાઓ પર એક નજર

પ્રસ્તૃત છે એક અહેવાલ

## વોઈસ કાસ્ટ – હર્ષલ પંડ્યા

આગામી પેઢીના GST સુધારા હેઠળ, સરકારે કૃષિ ક્ષેત્રમાં GSTમાં નોંધપાત્ર ઘટાડો કરીને ખેડૂતોને રાહત આપી છે. એક હજાર 800 સીસીથી ઓછી ક્ષમતા ધરાવતા ટ્રેક્ટર પરનો કર દર 12 ટકાથી ઘટાડીને 5 ટકા કરવામાં આવ્યો છે.

ટાયર અને ટ્યુબ, હાઇડ્રોલિક પંપ વગેરે જેવા ટ્રેક્ટરના ભાગો પરનો કર દર 5 ટકા કરાયો છે, જેના પર અગાઉ 18 ટકાના કર હતો. ખેતી, લણણી અને થ્રેશિંગ માટેના વિવિધ કૃષિ મશીનો પર કર દર તેમજ ચોક્કસ બાયો-પેસ્ટિસાઇડ્સ , સૂક્ષ્મ

પોષકતત્ત્વો, ટપક સિંચાઈ પ્રણાલીઓ અને સ્પ્રિંકલર્સ સહિતની અન્ય ઘણી ઉપયોગીતાઓ પરનો કર દર 12 ટકાથી ઘટાડીને 5 ટકા કરાયો છે.

આ ફેરફારો ખાસ કરીને નાના અને મધ્યમ ખેડૂતોને લાભ કરશે. કૃષિ ઉપકરણો પરના GST દરમાં ઘટાડો થવાથી ખેતીનો ખર્ચ ઘટશે. નવા કર દરો આ મહિનાની 22મી તારીખથી અમલમાં આવશે

હર્ષલ પંડ્યા, આકાશવાણી સમાચાર, અમદાવાદ

---

## GUJCOAST

વિશ્વ ઓઝોન દિવસની ઉજવણી નિમિત્તે આજે ગુજકોસ્ટ વિશેષ જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરશે. રાજ્યભરમાં ગુજકોસ્ટના પ્રાદેશિક વિજ્ઞાન કેન્દ્રો અને જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્રો આજે વિશ્વ ઓઝોન દિવસનાં કાર્યક્રમોનું આયોજન કરશે.

ઉલ્લેખનીય છે કે વિશ્વ ઓઝોન દિવસનો હેતુ ઓઝોન સ્તરને સુરક્ષિત રાખવા અને વાતાવરણને સ્વચ્છ રાખવાનો સંદેશ પ્રસરાવવાનો છે. આરોગ્યને જાળવવાનો સંદેશ આપવાનો છે. કાર્યક્રમમાં પરસ્પર ચર્ચા સત્રો, તથા વિદ્યાર્થીઓ માટે વિવિધ પ્રવૃત્તિઓ યોજાશે. જેમાં તેઓ ઓઝોન સ્તરનું મહત્વ, આબોહવાની સ્થિરતા સાથે તેનો સંબંધ, તથા પર્યાવરણને ટકાવી રાખવા માટેની જરૂરી પ્રથાઓ વિશે સમજ આપશે.

આ ઉજવણી રાજ્યના તમામ જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્રો અને ભારતભરના વિ વિધ વિજ્ઞાન-ટેકનોલોજી પરિષદો સુધી જીવંત પ્રસારણ થકી પહોંચાડવામાં આવશે.

આ કાર્યક્રમનો હેતુ વિદ્યાર્થીઓ અને સમાજમાં વૈજ્ઞાનિક ચેતના વધારવો અને પર્યાવરણ માટે જવાબદાર વલણ વિકસાવવાનો છે.

---

## HINDI PAKHWADA

દીવ ખાતે હિન્દી પખવાડા અંતર્ગત વિવિધ સ્પર્ધાઓ આયો જિત કરવામાં આવી હતી. જેના વિજેતા ઓને કલેક્ટરના હસ્તે ટ્રોફી એનાયત કરાઈ હતી.

અમારા પ્રતિનિધિ જણાવે છે કે, કેન્દ્રશાસિત પ્રદેશ દીવ ખાતે હિન્દી પખવાડા અંતર્ગત દેશ ભક્તિ ગીત , નિબંધ સ્પર્ધા , વકૃત્વ સ્પર્ધા , ટાઈપિંગ સ્પર્ધા જેવી અનેક સ્પર્ધાઓ આયોજીત કરાઇ હતી.

આ સ્પર્ધામાં દીવ જિલ્લાની સરકારી કચેરીઓના , કર્મચારી, શિક્ષકો, વિધાર્થીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો . આ સ્પર્ધાઓમા પ્રથમ , દ્વિતિય અને તૃતીય સ્થાન મેળવનાર વિજેતાઓને દીવ કલેક્ટર રાહુલ દેવ બુરાએ ટ્રોફી એનાયત કરી પ્રોત્સાહિત કર્યા હતા,

આ પ્રસંગે શ્રી બુરાએ જણાવ્યુ કે , આપણા જીવનમા ભાષા ખૂબજ મહત્વ ધરાવે છે, અને અનેક ભાષા આવડવાથી જ્ઞાન પણ વધે છે , વધુ મા તેમણે હિન્દી ભાષાનુ મહત્વ સમજાવ્યું હતુ,

---

## MARATHON

તાજેતરમાં લખનઉ ખાતે આયોજિત 21 કિલોમીટરની મેરેથોનમાં પાટણના કર્નલ નિતિન જોષીએ પ્રથમ ક્રમાંક મેળવ્યો છે.

**પાટણ જિલ્લાના સરસ્વતી તાલુકાના સરિયદ ગામના વતની નિતિન જોષીએ 21 કિલોમીટરની ગ્રીન મેરેથોનમાં 50 વર્ષથી ઉપરની કેટેગરીમાં ભાગ લઈને પ્રથમ નંબર પ્રાપ્ત કરી પાટણ પંથક સહિત ગુજરાતનું નામ રોશન કર્યું છે. મેરેથોનમાં પ્રથમ નંબરે વિજેતા બનતા ઉપસ્થિત અધિકારીઓના હસ્તે તેમને પ્રમાણપત્ર અને મેડલ એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.**

---

# SNR MACHINE SEAL

**સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા ખાતે આવેલી હોસ્પીટલનું સોનોગ્રાફી મશીન સીલ કરવામાં આવ્યું છે, ચોટીલાના નાયબ કલેકટર એચ. ટી.મકવાણાએ ચોટીલા ખાતે આવેલી સત્યજીવન સાર્વજનિક હોસ્પિટલનું આકસ્મિક ચેકીંગ કરતા નિયમોનું ઉલ્લંઘન થતું જોવા મળ્યું હતું. જેમાં ફોર્મ બીમાં રિન્યુબલ અંગેની કોઈ વિગતો દર્શાવી નથી.**

**સોનોગ્રાફી મશીન ઉપર કોઈ કોલિફાઈડ ઓપરેટર ન હતો. દર્દીની તમામ વિગતો ફોર્મ એફમાં દર્શાવામાં આવે છે તે મુજબ તેમાં તમામ વિગતો દર્શાવી નહતી. સોનોગ્રાફી મશીન રૂમ અલગ હોય છે. જો કે આ રૂમ પણ અલગ ન હતો. તમામ માર્ગદર્શિકાનું ઉલ્લંઘન થતું હોવાને કારણે મશીન સીલ કરવાની કામગીરી કરવામાં આવી હતી.**

---